પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૨૯ • કુલ પાના : ૪ • તારીખ : ૨૧-૦૧-૨૦૨૩ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### દેશનાં ૭૧ હજાર યુવાઓને પીએમ મોદી તરફથી નોકરીની ભેટ

## રોજગાર મેળો અમારા વચનો પૂરા કરવા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



નવીદિલ્હી,
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ૧૦ લાખ કર્મચારીઓ માટે ભરતી અભિયાન 'રોજગાર મેળા' હેઠળ સરકારી વિભાગો અને સંસ્થાઓમાં લગભગ ૭૧ હજાર નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્ર સોંપ્યો હતો.આ દરમિયાન રોજગાર મેળાને સંબોધિત કરતી વખતે પીએમ મોદીએ કહ્યું હતું કે રોજગાર મેળો આપણા સુશાસનની ઓળખ બની ગયો છે અને આ અમારા વચનો પૂરા કરવા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. ચાલો જાણીએ પીએમ મોદીના રોજગાર મેળામાં સંબોધનની થોડી ખાસ વાતો.

પીએમ નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે રોજગાર મેળામાં સંબોધન સમયે પીએમ મોદીએ કહ્યું કે વ્યાપાર અને કારોબારની દુનિયામાં એવું કહેવાય છે કે ગ્રાહક હંમેશા સાચો હોય અને એ જ રીતે શાસન વ્યવસ્થામાં મંત્ર એમ હોવો જોઈએ કે નાગરિક હંમેશા સાચો.મોદીએ કહ્યું હતું કે પારદર્શક રીતે ભરતી અને પ્રમોશનથી યુવાનોમાં આત્મવિશ્વાસ વધે છે અને આ પારદર્શિતા વધુ સારી રીતે એમને પ્રતિયોગિતામાં પ્રવેશ કરવા માટે પ્રેરિત કરે છે. સરકાર આ દિશામાં સતત કામ કરી રહી છે.સાથે જ એમને કહ્યું હતું કે, 'તમે બધાએ આ અનુભવ્યું જ હશે કે ભરતી પ્રક્રિયામાં ઘણા ફેરફારો થાય છે અને કેન્દ્રીય સેવાઓની ભરતી પ્રક્રિયા પહેલા કરતા વધુ કાર્યક્ષમ અને સમયબદ્ધ બની ગઈ છે. ભરતી પ્રક્રિયામાં તમે લોકો આ જે પારદર્શિતા અને ઝડપ જોઈ રહ્યા છો તે સરકારના દરેક કામમાં પણ દેખાય છે.

તેમણે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, 'કેન્દ્ર સરકાર, એનડીએ અને ભાજપ શાસિત રાજ્યોમાં પણ રોજગાર મેળાનું સતત આયોજન કરવામાં આવી રહ્યું છે અને આ રોજગાર મેળાઓ હવે અમારી સરકારની ઓળખ બની ગયા છે. આ મેળા એ દર્શાવે છે કે અમારી સરકાર જે સંકલ્પ લે છે તેને સિધ્ધ કરીને બતાવે છે.'

જણાવી દઈએ કે આ રોજગાર મેળામાં નિમણૂક પત્રો મેળવનાર યુવાનો દેશભરમાં અલગ અલગ સરકારી વિભાગોમાં જુનિયર એન્જિનિયર, લોકો-પાયલોટ, ટેકનિશિયન, ઈન્સ્પેક્ટર, સબ-ઈન્સ્પેક્ટર, કોન્સ્ટેબલ, સ્ટેનોગ્રાફર અને જુનિયર એકાઉન્ટન્ટ, ગ્રામીણ ડાક સેવક, આવકવેરા નિરીક્ષક, શિક્ષક, નર્સ, ડૉક્ટર અને સુરક્ષા અધિકારીના પદો પર નિયુક્તકરવામાં આવશે. પીએમ મોદી દ્વારા નિમણૂક પત્રો આપવામાં આવે તે પહેલાં તેમની સાથે કર્મયોગી પ્રરંભ મોડ્યુલ અંગેના તેમના અનુભવો શેર કર્યા હતા અને એ સાથે જ કેટલાક યુવાનોએ વડાપ્રધાનને તેમના સંઘર્ષ અને અનુભવો પણ જણાવ્યા હતા. ગયા વર્ષે નવેમ્બરમાં આયોજિત રોજગાર મેળા દરમિયાન વિવિધ પોસ્ટ પર પસંદગી પામેલા ૭૧ હજાર યુવાનોને તેમના નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા અને એ અગાઉ રોજગાર મેળા દ્વારા ૭૫ હજાર જેટલા નવા લોકોને નિમણૂક પત્ર આપવામાં આવ્યા હતા.

## ભાજપ પહેલા કોંગ્રેસે જ પોતાના ૩૩ નેતાઓને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા

અમદાવાદ,
ગુજરાતની ચૂંટણીમાં પક્ષવિરોધી પ્રવૃત્તિઓમાં ભાજપ કાર્યવાહી કરે કે ના કરે પણ કોંગ્રેસે કરી દેખાડી છે. વિધાનસભા ચૂંટણીમાં પક્ષ વિરોધી કામ કરનાર નેતાઓ સામે કોંગ્રેસ કડક બની છે. આજે કોંગ્રેસે ૩૩ નેતાઓને સસ્પેન્ડ કરી દીધા છે. ભાજપનો રિપોર્ટ પણ આજકાલમાં સબમિટ થઈ જશે. ભાજપ આ મામલે કડક પગલાં ભરે તેવી સંભાવના છે. જેમાં પૂર્વમંત્રીઓથી લઈને મોટા નેતાઓના નામ સામેલ છે. સુરેન્દ્રનગર કોંગ્રેસ પ્રમુખ રૈયાભાઈ રાઠોડને પક્ષમાંથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા છે. નર્મદા જિલ્લા પ્રમુખ હરેન્દ્ર વાણંદને પણ કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરાયા છે. પૂર્વ ધારાસભ્ય પીડી વસાવાને પણ કોંગ્રેસ પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ સસ્પેન્ડ કર્યા છે. આમ કોંગ્રેસે મોટા માથાઓને ઘરભેગા કરી દીધા છે. કોંગ્રેસે નેતાઓને ઝટકો આપ્યો છે. આ સાબિત કરે છે કે કોંગ્રેસ કોઈને પણ છોડવાના મૂડમાં નથી.

કોંગ્રેસ ઉમેદવારના વિરોધમાં કામ કરનાર સામે કાર્યવાહી કરાઈ છે. ૫ સભ્યોની શિસ્ત સમિતિએ સાથે મળી નિર્ણય લીધો છે. ૭૧ અરજીઓમાં ૯૫ લોકો સામે ફરિયાદો આવી હતી. વધારે દોષિતને સસ્પેન્ડ અને કેટલાક હોદ્દેદારના હોદ્દા પરત લેવાયા છે. કોંગ્રેસે મસમોટા નિર્ણયો લઈને ૩૩ લોકોને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે. ૧૮ લોકોને રૂબરૂ મળી નિર્ણય લેવાશે. ૬ હોદ્દેદારોના હોદ્દા પરત લેવામાં આવ્યા છે. ૮ અરજીઓમાં ઠપકો આપવામાં આવ્યા છે જયારે ૪ અરજીઓ પેન્ડિંગ રખાઈ છે. કોંગ્રેસે ૨ જિલ્લાના પ્રમુખને સસ્પેન્ડ અને એક પૂર્વ પ્રમુખને સસ્પેન્ડ કરી દીધા છે. કોંગ્રેસે ભલે ૧૭ સીટો જ જીતી હોય પણ પક્ષપલટુઓને બિલકુલ માફ કરવાના મૂડમાં નથી. ભાજપ હજુ નેતાઓની આળપંપાળ કરી રહી છે.

તો બીજી તરફ, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ભલે રેકોર્ડબ્રેક બેઠકો જીતી હોય, પણ વાસ્તવિકતા એ છે કે, ભાજપના જ ઉમેદવારને હરાવવા ભાજપના જ અસંતુષ્ટોને ખૂબ જ ધમપછાડા કર્યા હતાં. ભાજપ આ મામલે આળપંપાળ કરશે તો સંગઠનમાં ખોટો મેસેજ જવાનો પક્ષને ડર છે. આ મામલે ખુદ ભાજપના જ ઉમેદવારોએ કમલમ સુધી ઢગલાબંધ ફરિયાદો કરી હતી. આખરે ભાજપે શિસ્ત સમિતી રચી પક્ષવિરોધીઓ પૂર્વ મંત્રીથી માંડીને પૂર્વ ધારાસભ્યોનું લિસ્ટ ઘણુ લાંબુ છે. હવે સવાલ એ છે કે ભાજપ કાર્યવાહી કરે છે કે કેમ? કારણ કે એક બે દિવસમાં શિસ્ત સમિતિ આ રિપોર્ટ પાર્ટીને સોંપી દેશે. બિલાડીને જ દૂધના રખોપા સોંપાયા હોય એમ ખુદ શિસ્ત સમિતીના પ્રમુખ વલ્લ કાકડિયા સામે જ પક્ષ વિરોધી પ્રવૃતિ કરી હોવાનો આરોપ આ બેઠકમાં મૂકાયો હતો.

ગુજરાતની એક બે નહીં અનેક બેઠકોમાં ચૂંટણી સમયે ભાજપમાં ખટરાગ હતો. ભાજપે કદાવર નેતાઓને કાપી નાખતાં એમના અંદરો અંદરના કકળાટની કમલમ સુધી એ સમયે ફરિયાદો થઈ હતી. અમદાવાદમાં જમાલપુરમાં આંતરિક ખટરાગ હોવાથી ભાજપને પરિણામ મળ્યું નથી એ મામલે ફરિયાદો પણ થઈ છે. ઠક્કરબાપાનગર બેઠક ભાજપ કાકડિયાને ટિકિટ આપતું હતું પણ આ ચૂંટણીમાં એ ખુદ કપાતાં શિસ્ત સમિતીના પ્રમુખ વલ્લભ કાકડિયાએ જ કોંગ્રેસના ઉમેદવારને પાછલા બારણે મદદ કરી હોવાના આરોપો ભાજપના સ્થાનિક કાર્યકરો મૂકી રહ્યા છે. કમલમમાં રજૂઆત કરવા ગયેલાં કાર્યકરોએ કાકડિયાને પરખાવ્યું પણ હતુ. હવે પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનાર જ પૂર્વ ધારાસભ્ય કાકડિયાને શિસ્ત સમિતીના પ્રમુખ બનાવી દેવાયા છે.

## હું જાણું છું કે અહીંના લોકો પીડામાં છે. હું સમજું છું કે દરેકને દુઃખ થયું છે : રાહુલ ગાંધી



કઠુઆ,
કોંગ્રેસનેતા રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા પોતાના અંતિમ પડાવ જમ્મુ-કાશ્મીર પહોંચી છે. રાહુલ ગાંધી શુક્રવારે સવારે કઠુઆ પહોંચ્યા ત્યારે વરસાદ થઈ રહ્યો હતો. યાત્રા દરમિયાન પહેલી વખત રાહુલ ગાંધી રેઈનકોટમાં નજર આવ્યા. ત્યાં શિવસેના નેતા સંજય રાઉત પણ તેમની યાત્રામાં સામેલ થયા હતાં.જમ્મુ-કાશ્મીરમાં દાખલ થતાં પહેલાં રાહુલે પઠાનકોટ બોર્ડર પર કહ્યું, હું જાણું છું કે અહીંના લોકો પીડામાં છે. હું સમજું છું કે દરેકને દુઃખ થયું છે. દરેક માણસ પરેશાન છે. હું તમારું દુઃખ વહેંચવા આવ્યો છું. આ દરમિયાન રાહુલ સાથે મોટી સંખ્યામાં સમર્થક પહોંચ્યા હતા. ૭ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ તામિલનાડુના કન્યાકુમારીથી શરૂ થયેલી યાત્રા ૧૯ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ જમ્મુ-કાશ્મીર પહોંચી છે. ૧૨૫ દિવસમાં રાહુલ ૧૩ રાજ્યમાંથી પસાર થયા. જમ્મુ-કાશ્મીરમાં તેઓ ૯ દિવસ રહેશે. યાત્રા ૩૦ જાન્યુઆરીએ પૂરી થશે.

જમ્મુ-કાશ્મીરમાં એન્ટ્રી પહેલાં રાહુલે પઠાનકોટ બોર્ડર પર સ્પીચ આપી. આ દરમિયાન મોટી સંખ્યામાં સમર્થકો હાજર હતા. રાહુલે કહ્યું- પૂર્વજો જમ્મુ-કાશ્મીરથી ઉત્તરપ્રદેશ ગયા હતા. હું તે જગ્યાએ જ જઈ રહ્યો છું. એવું લાગ્યું જાણે ઘરે પાછો આવ્યો છું.

તેમણે કહ્યું હતું કે તમારી જમીનમાં દાખલ થતાં પહેલાં માથું નમાવું છું. હું તમને કહેવા માગું છું કે તમારા ધર્મ, જાતિ, તમે અમીર કે ગરીબ, યુવાન કે વૃદ્ધ, આ દેશ તમારો છે અને તમે આ દેશના છો. રાહુલે કહ્યું હતું કે આગામી ૯ દિવસ હું જમ્મુ-કાશ્મીરના લોકો પાસેથી જ બધું શીખીશ.

કોંગ્રેસનેતાએ કહ્યું, "દેશ જે વાસ્તવિક સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે એ નફરત, બેરોજગારી, મોંઘવારી છે. આ સિવાય ૨ પ્રકારના ભારત છે, એક કરોડપતિ અને બીજું ગરીબોનું. ભાજપ, સંઘ અને કરોડપતિઓની ટીમ સાથે મળીને કામ કરી રહ્યાં છે. મુખ્ય મુદ્દાઓ પરથી દેશનું ધ્યાન હટાવવામાં આવી રહ્યું છે. મીડિયા પણ માત્ર હિંદુ-મુસ્લિમ અને નફરત જેવા મુદ્દા ઉઠાવી રહ્યું છે.

નેશનલ કોન્ફરન્સના નેતાએ એક કાર્યક્રમમાં રાહુલની તુલના આદિ ગુરુ શંકરાચાર્ય સાથે કરી હતી. તેમણે કહ્યું હતું કે સદીઓ પહેલાં શંકરાચાર્યએ કન્યાકુમારીથી કાશ્મીરની યાત્રા શરૂ કરી હતી. રાહુલ આવું કરનારી બીજી વ્યક્તિ છે. રાહુલ ગાંધી ભારતને એક કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## દિલ્હીમાં દિવાલો પર લખ્યું ખાલિસ્તાન જિંદાબાદ : પ્રજાસત્તાક દિવસની તૈયારીઓ વચ્ચે વાતાવરણ ડહોળવાના પ્રયાસ

નવીદિલ્હી,
રાજધાની દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની તૈયારીઓ વચ્ચે વાતાવરણ ડહોળવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. દિલ્હીમાં પશ્ચિમ વિહાર સહિત ૧૦ વિસ્તારોમાં 'ખાલિસ્તાન જિંદાબાદ' અને 'રેફરેંડમ ૨૦૨૦'ના સુત્રોચ્ચાર લખવામાં આવ્યા હતા. આ બાબતની જાણ થતા તાત્કાલિક તેને સાફ કરાવીને દુર કરવામાં આવ્યા હતા. પોલીસે કહ્યું કે આ મામલામાં સામેલ લોકોની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસે વધુમાં જણાવ્યું હતુ કે આરોપીઓએ રાત્રીના અંધકારનો ફાયદો ઉઠાવીને આ ઘટનાને અંજામ આપ્યો છે. ૨૬મી જાન્યુઆરી નજીક આવી રહી છે, અને અમારું ધ્યાન સુરક્ષા પર છે. દિલ્હી પોલીસ કોઈ અઘટીત ઘટના ન બને તે માટે તમામ સ્તરે સતર્કતા સાથે કામ કરી રહી છે.

દિલ્હી પોલીસના પીઆરઓ સુમન નલવાએ જણાવ્યું હતું કે ભારતમાં પ્રતિબંધીત સંગઠન સિખ ફોર જસ્ટિસનો આ પ્રકારના કૃત્યો પાછળ હાથ હોઈ શકે છે, અને તે ચર્ચામાં રહેવા માટે આ પ્રકારના પ્રયાસો કરી રહ્યું હોય છે. ઈન્ટરનેટની કોઈ મર્યાદા નથી. તેઓ જ્યારે પણ કંઈપણ કરે છે, ત્યારે કોઈ અન્યના નામનો ઉપયોગ કરીને કરે છે. આ થોડું અઘરું છે, પણ આરોપીઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જે લોકો તેમને મદદ કરી રહ્યા છે, તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

એસએફજે પ્રતિબંધિત સંગઠન છે અને ગુરપતવંત સિંહ પન્નુ તેનો નેતા છે. પન્નુ ભારતનો વોન્ટેડ આતંકવાદી છે. તે મૂળ પંજાબના ખાનકોટનો રહેવાસી છે. તે અમેરિકામાં રહે છે. જ્યાં તેણે શીખ ફોર જસ્ટિસના નામથી ખાલિસ્તાની આતંકવાદી સંગઠન બનાવ્યું છે. એસએફજેનું હેડક્વાર્ટર યુએસમાં છે. ઘણા સમય પહેલા કેન્દ્ર સરકાર આ સંગઠનને ગેરકાયદેસર જાહેર કરી ચૂકી છે.

પન્નુ ભારતમાં લાલ કિલ્લા પર તિરંગો લગાવવાની સાથે નેતાઓને ધમકી આપવા જેવી અનેક જાહેરાતોને કારણે વિવાદોમાં રહ્યો છે. આ સિવાય પન્નુ વિદેશમાં ભારતને વિભાજીત કરીને અલગ દેશ ખાલિસ્તાન બનાવવા માટે રેફરેંડમ પણ કરાવતો રહે છે. પંજાબમાં તે સરકારી ઈમારતો પર ખાલિસ્તાની સ્લોગન લખીને ધમકી આપતો રહ્યો છે. તેની સામે NIAમાં કેસ નોંધાયેલ છે.

આ પહેલા પણ ગયા વર્ષે ૬ જુલાઈએ કરનાલ પોલીસે બે શૈક્ષણિક સંસ્થાઓની દિવાલો પર ખાલિસ્તાન સમર્થક નારા લખવાના વિરોધમાં પટિયાલાના એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. જેની ઓળખ મંજિત તરીકે થઈ હતી. આ મામલે તપાસ કરતા સામે આવ્યું હતુ કે આ રામને પુરુ કરવા માટે યુએલમા એક વ્યક્તિએ ૧૦૦૦ અમેરિકન ડોલર આપવાનું વચન આપ્યું હતુ.

હિમાચલ પ્રદેશમાં ગયા વર્ષે મે મહિનામાં અન્ય એક ઘટનામાં પંજાબના એક રહેવાસીની વિધાનસભાની બહાર ઝંડા લગાવવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટનાથી નારાજ હિમાચલ પ્રદેશમા મુખ્યમંત્રી જયરામ ઠાકુરે કહ્યું હતુ કે રાતના અંધારામાં આવા કામ કરનારાઓમાં હિંમત હોય તે દિવસના સમયે આવીને બતાવે.

## મહારાષ્ટ્રમાં શિંદે અને ઠાકરે જૂથના સમર્થકો વચ્ચે ફરી નાશિકમાં વિવાદ થયો

મુંબઈ,
મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરે જૂથના સમર્થકો ફરી એકવાર સામસામે આવી ગયા છે. ગુરુવારે મોડી સાંજે નાશિકના દેવલાલી ગામમાં સીએમ એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરેના સમર્થકો એકબીજા સાથે ઘર્ષણમાં પડ્યા હતા. નજીવી બોલાચાલી બાદ થયેલી મારામારીમાં ફેરવાઈ હતી, જે બાદ શિંદે જૂથના પૂર્વ કોર્પોરેટરના પુત્રએ હવામાં ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગનો અવાજ સાંભળીને ત્યાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં તંગદિલી ફેલાઈ ગઈ હતી.

જણાવવામાં આવી રહ્યું છે કે આ બેઠક નાશિક જિલ્લાના દેવલાલી ગામમાં આવતા મહિને આયોજિત થનારી છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતિની ઉજવણીની તૈયારીઓ માટે બોલાવવામાં આવી હતી. જેમાં વિવિધ રાજકીય પક્ષોને બોલાવવામાં આવ્યા હતા. બેઠકમાં ચર્ચા દરમિયાન, શિવાજી જયંતિની ઉજવણી સંબંધિત કેટલાક મુદ્દાઓ પર શિંદે જૂથ અને ઉદ્ધવ ઠાકરે જૂથના કાર્યકરો વચ્ચે ચર્ચા થઈ હતી. આ ચર્ચાએ મારામારીનું સ્વરૂપ લીધું હતું.

ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે બંને લ્લશિવસેનાલ્લ પર સતત પોતપોતાના દાવાઓ કરી રહ્યા હતા. તે પછી જ બંને જૂથના સમર્થકો વચ્ચે ઝઘડો થયો હોવાના અહેવાલો છે. આ ઉપરાંત, એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરે જૂથના સમર્થકો દ્વારા ઘરફોડ ચોરીના ઘણા અહેવાલો છે. ક્યારેક શિંદેના સમર્થકો ઠાકરેના પક્ષમાં જોડાયા, તો ક્યારેક ઠાકરેના સમર્થકો શિંદેના જૂથમાં પ્રવેશ્યા.

ગયા ડિસેમ્બરમાં, નાશિક મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉદ્ધવ જૂથના ૧૧ ભૂતપૂર્વ કોર્પોરેટર શિંદેના નેતૃત્વમાં લ્લશિવસેના બાળાસાહેબલ્લમાં જોડાયા હતા. તે જ સમયે, લગભગ ૪-૫ મહિના પહેલા, મુંબઈના પ્રભાદેવી વિસ્તારમાં એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરેના સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું હતું. આ કેસમાં ઉદ્ધવ ઠાકરે જૂથના પાંચ કાર્યકરોની પણ ધરપકડ કરવામાં આવી હતી.

## રસ્તા પર 'રેસલિંગ' બાદ સરકાર હવે પલટવારના મૂડમાં ! તમામ આક્ષેપોથી ફેડરેશન પ્રમુખે ઈક્કાર કર્યો

નવીદિલ્હી,
એટમીટુ આરોપોનો સામનો કરી રહેલા ભાજપના સાંસદ અને રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજ ભૂષણ શરણ સિંહે ખેલાડીઓ દ્વારા લગાવવામાં આવેલા આરોપોને નકારી કાઢ્યા છે. તેમણે કહ્યું કે તેમના પર જે પણ આરોપો લગાવવામાં આવી રહ્યા છે તે 'રાજકીય ષડયંત્ર'નો ભાગ છે. આરોપોને નકારી કાઢતાં તેમણે કહ્યું કે 'આ મારી વિરુદ્ધ રાજકીય કાવતરું છે'. આ ષડયંત્ર દ્વારા મહિલા કુસ્તીબાજો અને રમત-ગમતને બદનામ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.આ સાથે તેમણે કહ્યું કે, તેઓ શુક્રવારે પ્રેસ કોન્ફરન્સ કરશે અને તમામનો પર્દાફાશ કરશે. દેશના પ્રખ્યાત કુસ્તીબાજ ઓલિમ્પિક ચંદ્રક વિજેતા બજરંગ પુનિયા અને સાક્ષી મલિક, વિનેશ ફોગાટ સહિત અન્ય ઘણા કુસ્તીબાજોના દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શનનો આજે ત્રીજો દિવસ છે. તેઓ ડબ્લ્યુએફઆઈના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ કાર્યવાહીની માગ કરી રહ્યા છે. મહિલા રેસલર્સે બીજેપી સાંસદ પર યૌન ઉત્પીડનનો આરોપ લગાડ્યો છે. દરમિયાન, ગુરુવારે મોડી રાત્રે કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુર પણ વિરોધ કરી રહેલા ખેલાડીઓને મળવા પહોંચ્યા હતા, જ્યાં તેમણે વિરોધ સમાપ્ત કરવાની અપીલ કરી હતી. બ્રિજ ભૂષણ પહેલા કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર પણ પ્રેસ કોન્ફરન્સ કરવાના છે, જેના પર બધાની નજર ટકેલી છે. ખેલાડીઓ સંપૂર્ણ કાર્યવાહીની માંગ કરી રહ્યા છે અને મીડિયા અહેવાલો અનુસાર, જ્યાં સુધી કાર્યવાહી નહીં થાય ત્યાં સુધી તેઓ વિરોધ સમાપ્ત કરશે નહીં. અગાઉ, કેન્દ્રએ સ્પષ્ટ કર્યું હતું કે જો ડબ્લ્યુએફઆઈ આગામી ત્રણ દિવસમાં કોઈ પગલાં નહીં લે તો રમત મંત્રાલય રાષ્ટ્રીય રમત સંહિતા, ૨૦૧૧ હેઠળ ફેડરેશન સામે પગલાં લેશે. આ દરમિયાન બીજેપી નેતા અને પૂર્વ કુસ્તીબાજ બબીતા ફોગાટ વિરોધ કરી રહેલા ખેલાડીઓને મળવા પહોંચી હતી, જે સરકાર અને વિરોધ કરી રહેલા કુસ્તીબાજો વચ્ચે મધ્યસ્થી તરીકે કામ કરી રહી છે. તેમણે કહ્યું કે સરકાર તેમની સાથે છે અને તેમની જે પણ માંગણીઓ છે તે પૂરી કરવામાં આવશે. બાદમાં તેમણે કહ્યું કે સરકાર તેમની સાથે છે અને અમે ખાતરી કરી રહ્યા છીએ કે તેમની સમસ્યાઓ આજે (ગુરુવારે) ઉકેલાય.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
યુ. બી. ગોહીલ
તરફથી અભીનંદન....
મુ. બાકરોલ,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
સી. એ. શાહ
તરફથી અભીનંદન....
મુ. દેલોલ,
તા. કાલોલ,
જી. પંચમહાલ

## સુપ્રીમ કોર્ટે પોલીસ, CBI, EDની ચાર્જશીટ સાર્વજનિક કરવા અંગેની સુનાવણી કરવાનો ઈનકાર કર્યો



નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે પોલીસ, સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) જેવી તપાસ એજન્સીઓ દ્વારા કેસમાં દાખલ કરવામાં આવેલી ચાર્જશીટને સાર્વજનિક કરવાની માગ કરતી પીઆઈએલ પર આદેશ પસાર કરવાનો ઈનકાર કર્યો હતો. જસ્ટિસ એમ.આર. શાહ અને જસ્ટિસ સીટી રવિકુમારે ચુકાદામાં કહ્યું હતું કે જો ચાર્જશીટ એવા લોકોને આપવામાં આવે છે જેઓ આ કેસ સાથે સંબંધિત નથી, એનજીઓ, તો તેનો દુરુપયોગ થઈ શકે છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ચાર્જશીટ દરેકને આપી શકાય નહીં.એફઆઈઆર આપવામાં આવે છે, જેના માટે કોર્ટે તેના એક ચુકાદામાં આદેશ આપ્યો હતો. ગયા વર્ષના પીએમએલએના ચુકાદામાં આ મુદ્દાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે સર્વોચ્ચ અદાલતની ત્રણ જજની બેન્ચ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. તેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે તેને જાહેર કરવાથી આડઅસર થઈ શકે છે.

સુપ્રીમ કોર્ટે આ નિર્ણય એડવોકેટ પ્રશાંત ભૂષણ દ્વારા દાખલ કરાયેલ પત્રકાર અને કાર્યકર્તા સૌરવ દાસની અરજી પર આપ્યો છે. ચુકાદામાં, કોર્ટે નોંધ્યું હતું કે EDની ચાર્જશીટને સાર્વજનિક કરવાના મુદ્દાનો ઉલ્લેખ ગયા વર્ષના પીએમએલએ ચુકાદામાં કરવામાં આવ્યો છે, જે સર્વોચ્ચ અદાલતની ત્રણ જજોની બેન્ચ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. તેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે તેને જાહેર કરવાથી આડઅસર થઈ શકે છે.

પિટિશનમાં જણાવાયું છે કે પોલીસને તેમની વેબસાઈટ પર એફઆઈઆરની નકલો પ્રકાશિત કરવા માટે સુપ્રીમ કોર્ટના નિર્દેશથી વાસ્તવમાં ફોજદારી ન્યાય પ્રણાલીની કામગીરીમાં પારદર્શિતા આવી છે. તેથી, જો પાયાવિહોણા આરોપો પર ચાર્જશીટ દાખલ કરવામાં આવે છે, તો તેની તપાસ થવી જોઈએ. પૂર્ણ પ્રતિવાદીઓની જવાબદારી છે કે તેઓ તેમની વેબસાઈટ્સ પર ચાર્જશીટ ઉપલબ્ધ કરાવે અને ચાર્જશીટમાં જાહેર એક્સેસને સક્ષમ કરે જેથી નાગરિકોને જાણ કરી શકાય અને પ્રેસ વિશ્વાસ પૂર્વક અને સચોટપણે ફોજદારી કાર્યવાહીની જાણ કરી શકે.

# સંતરામપુર ડેપો બહાર મીનીબસ બંધ થઈ જતાં મુસાફરોએ ધક્કા માર્યા


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

બસમાં મુસાફરી કરવી હોય તો મુસાફરોને બસને ધક્કો મારવો પડે. સંતરામપુર એસટી ડેપોમાં મહિનામાં એક વાર તો રસ્તામાં ગાડી બંધ પડી જાય આ જ રીતે આજરોજ સંતરામપુરમાં ગોધરા સંતરામપુર મીની બસ સવારે એસટી બસ ડેપોમાં થઈને બહાર નીકળતા બસ બંધ પડી ગઈ બસમાં બેઠેલા મુસાફરોને હાલાકી ભોગવવી પડી ૧૫ થી ૨૦ મિનિટ સુધી બસ ચાલુ કરવા માટે ડ્રાઈવરે ઘણો પ્રયત્ન કર્યો પરંતુ બસ ચાલુ ના થઈ આખરે ડ્રાઈવરને મુસાફરો કહ્યું ચાલો નીચે ઉતરોને ધક્કો મારો મુસાફરો બસમાસી ઉતરીને બસને ધક્કો માર્યો પાંચ થી છ વખત બસને ધક્કો મારીને ચાલુ કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ આખરે બસ ચાલુ ના થઈ આવી ભંગાર બસના કારણે મુસાફરોની હાલાકી ભોગવવી પડી કેટલાક બેઠેલા મુસાફરો સરકારી કર્મચારી હોવાથી ઓફિસમાં જવા માટે પણ સમયસર પહોંચી ન શકયા અને હાલાકી ભોગવવી પડેલી હતી ઘણા સમયથી એસટી ડેપોની બસો આવી રસ્તામાં પડેલી જોવા મળતી હોય છે અને પરિસ્થિતિ સર્જાતી હોય છે. જયારે કેટલીક બસો તો એવી છે. જેના સમય મુજબ કિલોમીટર પૂરા થઈ ગયા છતાંય એ બસ દોડાવવામાં આવે છે. ચાલુ રાખવામાં આવે છે ખરેખર તો આ નિયમ મુજબ કિલોમીટર પૂરા થઈ ગયા તો બસનો ઉપયોગ કરવામાં આવતો જ નથી. તેને કંપનીમાં મોકલવી પડતી હોય છે, તેમ છતાં સંતરામપુર એસટી ડેપોમાં સૌથી મોટો તાલુકો ગણાતોના અંતરીયા વિસ્તારોમાં અને વધારે બસનો ઉપયોગ કરતા મુસાફરોને આજે બસોની સુવિધાના અભાવે હાલાકી ભોગવવાનો વારો આવેલો છે પહેલા બસ ઉપર લખેલું હતું કે હાથ ઊંચો કરો અને બસમાં બેસો હવે ઊંધું થઈ ગયું છે. બસને ધક્કો મારો પછી બેસો આવી પરિસ્થિતિ જોવા મળી રહેલી છે.

# મલેકપુર ગ્રામ પંચાયત દ્વારા ૪ લાખના ખર્ચે બનાવેલ સામૂહિક શૌચાલય સ્વચ્છતા અને જાળવણીના અભાવે બિનઉપયોગી



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,

મલેકપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ જાહેર શૌચાલયમાં ઉભરાતી ગંદકીથી ગ્રામજનો પરેશાન થઈ રહ્યા છે. જાહેર શૌચાલયની સાફ સફાઈ ન કરવાને લઈ ગંદકીથી રોગચાળાનો ભય પણ સતાવી રહ્યો છે.

મલેકપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં જાહેર સામૂહિક શૌચાલય હાલ ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલ જોવા મળી રહ્યું છે. જાહેર સામૂહિક શૌચાલયની સાફ સફાઈના અભાવે ગંદકીથી ઉભરાઈ રહ્યું છે. ગ્રામજનોને શૌચાલય પાસેથી પસાર થવું પણ અસહ્ય થયું છે. ગ્રામ પંચાયત દ્વારા ૪ લાખની માતબર રકમથી બનાવવામાં આવ્યું છે. જેમાં બે લાખ લોક ફાળો અને બે લાખની ગ્રાન્ટથી તૈયાર કરવામાં આવ્યું છે પરંતુ મલેકપુર ગ્રામ પંચાયત દ્વારા સામૂહિક શૌચાલયની જાળવણી અને સ્વચ્છતા જાળવવામાં નિષ્ફળ રહેતા હાલ ખંડેર હાલતમાં છે. તેમ છતાં શૌચાલયની ગંદકીથી ગ્રામજનો પરેશાન થઈ રહ્યા છે. ત્યારે લાખો રૂપીયાના ખર્ચે બનેલ જાહેર શૌચાલયની જાળવણી ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવે તો સાચા અર્થમાં સામૂહિક શૌચાલય માટે ખર્ચ કરવામાં આવ્યો છે. તે સાચા અર્થમાં સાર્થક થાય તેમ છે.

# દાહોદ જિલ્લાના ગરબાડા ખાતે લાશ મળી આવતા પંથકમાં ચકચાર

દાહોદ,

ગરબાડા તાલુકાના નવા ફળિયા ખાતે રહેતા ૬૦ વર્ષિય પ્રેમચંદભાઈ નેમાભાઈ મોહનીયા ગત તારીખ ૧૮ જાન્યુઆરીના રોજ બપોરના ત્રણેક વાગ્યાના સમયે ઘરેથી પોતાના નાકાવાળા ખેતરમાં ઘઉંની દેખરેખ માટે ગયા હતા અને સાંજ સુધી તેઓ ઘરે જ પરત ન ફરતા તેઓના પરિવારના લોકો દ્વારા તેમની શોધ ખોળ હાથ ધરવામાં આવી હતી. તેઓની શોધ કરતા પ્રેમચંદભાઈ નેમાભાઈ મોહનિયા મૃત હાલતમાં તેઓના ખેતરના સેડા ઉપર બોરના ઝાડની નીચે મળી આવતા કૈલાશભાઈ પ્રેમચંદભાઈ મોહનિયા દ્વારા ગરબાડા પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસ દ્વારા મૃતદેહને કબજે કરી પોસ્ટમટન અર્થે નવા ફળિયા સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.

# દાહોદ ખાતે સામાન્ય સભાની જિલ્લા પંચાયત પ્રમુખની અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ

દાહોદ,

દાહોદ જિલ્લા પંચાયતના ઠક્કરબાપા સભાખંડમાં જિલ્લા પંચાયતની સામાન્ય સભા પંચાયત પ્રમુખ શીતલકુમારીનાં અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારી, ધારાસભ્યો, જિલ્લા પંચાયતના વિવિધ સમિતિના ચેરમેનો, વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક માં ૧૫ માં નાણાંપંચના કામો કેટલા થયા છે, કેટલા પ્રગતિમાં તે અંગે ચર્ચા કરવામાં આવી. જિલ્લા પંચાયત પ્રમુખ શીતલકુમારી વાઘેલા એ ૧૫ માં નાણાંપંચના કામો સત્વરે પૂર્ણ થાય અને કામોની ગુણવત્તા યોગ્ય રીતે થાય તે અંગે અમલીકરણ અધિકારીઓને સૂચના આપી હતી. આ સભામાં નવા વિધાનસભા ચૂંટાયેલા ધારાસભ્યોનુ પુષ્પગુચ્છ–શાલ ઓઢાડી સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. સામાન્ય સભા પછી અપીલ સમિતિની બેઠક પણ યોજવામાં આવી. જેમાં સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા.

# કડાણા તાલુકાના સંઘરી ગામના યુવાન કિરણ ચૌધરી એ ૨૬ માં રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં મહીસાગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું




કડાણા,

યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય ભારત સરકાર દ્વારા સ્વામિ વિવેકાનંદજી ની જન્મજયંતી અને રાષ્ટ્રીય યુવા સપ્તાહ અનુરૂપ કર્ણાટકના હૂબલી અને ધારવાડ ખાતે ૨૬ મા પાંચ દિવસીય રાષ્ટ્રીય યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હતો. જેમાં સમગ્ર ભારતના અલગ અલગ રાજ્ય તથા કેન્દ્રશાસિત પ્રદેશોએ અનેક વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો જેમાં યુવાનો દ્વારા પેઈન્ટિંગ, યંગ આર્ટિસ્ટ કેમ્પ, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા યોગા અને યુથ સમિટ, યુવા કૃતિ જેમાં હસ્તકળા અને લલિત કલા તથા આર્ટ એન્ડ ક્રાફટ દ્વારા પોતાના રાજ્યની કલાકૃતિ તેમજ સંસ્કૃતિનું પ્રદર્શન કર્યું. તેમાં યોગા અને યુથ સમિટમાં કડાણા તાલુકાના સંઘરી ગામના યુવાન કિરણ ચૌધરી એ મહીસાગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું.

# અ.નિ. ડો. ભૌમિક એચ. પટેલ RBSK M.O.ગોધર નિવાસીની યાદમાં તેમના જન્મ દિવસે સ્વામિનારાયણ મંદિર ગોધર ખાતે આરોગ્ય પરિવાર દ્વારા મહા રકતદાન કેમ્પનું આયોજન કરાયું



મહીસાગર,

માનવ જિંદગી અમૂલ્ય છે, જેને બચાવવા લોહી એક મહત્વનું તત્વ છે. લોહીની આકસ્મિક જરૂરિયાત કોઈપણ વ્યક્તિને ગમે ત્યારે પડી શકે છે અને તેથી જ આવા સંજોગોમાં લોકોની જરૂરિયાતને પહોંચી વળવા અને આકસ્મિક સંજોગોમાં તેઓને મદદરૂપ થવા અ.નિ. ડો. ભૌમિક એચ. પટેલ આર.બી.એસ.કે. એમ.ઓ. ગોધર નિવાસીની યાદમાં તેમના જન્મ દિવસે સ્વામિનારાયણ મંદીર ગોધર ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં આરોગ્ય સ્ટાફે સહભાગી થઈ ૧૫૮ નાગરિકો તથા કર્મીઓએ રક્તદાન કરી અ.નિ. ડો. ભૌમિક એચ. પટેલને સાચી શ્રદ્ધાંજલિ આપી હતી. કેમ્પમાં એકત્રિત થયેલ બ્લડ દર્દીઓ માટે ઉપયોગમાં આવે તે પ્રકારનું ઉમદા આયોજન મહિસાગર જિલ્લા તથા સંતરામપુર તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંતરામપુર પ્રાંત અધિકારી કૌશિક જાદવ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.પટેલ, ડો. ગોસાઈ, ડો.શૈલી પટેલ, સંતરામપુર મામલતદાર તથા આરોગ્ય સ્ટાફ, રક્તદાતા તેમજ અ.નિ. ડો. ભૌમિક એચ. પટેલના પરિવાર જનો સહિત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# આપણા સશસ્ત્ર દળોને આધુનિક બનાવવા તેમજ તેમને આત્મનિર્ભર બનાવવાના પ્રયાસો ચાલુ છે : વડાપ્રધાન



નવીદિલ્હી,

નરેન્દ્ર મોદીએ ત્રણેય સેવાઓના અગ્નિવીરોની પ્રથમ બેચને વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધન કર્યું, જેમણે તેમની મૂળભૂત તાલીમ શરૂ કરી છે.પીએમએ અગ્નિવીરોને આ પાથબ્રેકિંગ અગ્નિપથ યોજનાના પ્રણેતા બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે હાઈલાઈટ કર્યું હતું કે આ પરિવર્તનકારી નીતિ આપણા સશસ્ત્ર દળોને મજબૂત કરવામાં અને તેમને ભવિષ્યમાં આવનારા પડકારો માટે તૈયાર કરવામાં ગેમ ચેન્જર સાબિત થશે.પીએમએ ખાતરી આપી હતી કે યુવા અગ્નિવીર સશસ્ત્ર દળોને વધુ યુવા અને ટેક સેવી બનાવશે.

અગ્નિવીરોની ક્ષમતાને બિરદાવતા તેમણે કહ્યું કે તેમની ભાવના સશસ્ત્ર દળોની બહાદુરીનું પ્રતિબિંબ પાડે છે જેણે હંમેશા રાષ્ટ્રના ધ્વજને ઊંચો રાખ્યો છે. તેમણે કહ્યું કે આ તક દ્વારા તેઓ જે અનુભવ મેળવશે તે જીવન માટે ગૌરવનો સ્ત્રોત બની રહેશે.

પીએમએ કહ્યું કે નવું ભારત નવા જોશથી ભરેલું છે, અને આપણા સશસ્ત્ર દળોને આધુનિક બનાવવા તેમજ તેમને આત્મનિર્ભર બનાવવાના પ્રયાસો ચાલુ છે. તેમણે કહ્યું કે ૨૧મી સદીમાં યુદ્ધ લડવાની રીત બદલાઈ રહી છે. કોન્ટેક્ટલેસ વોરફેરના નવા મોરચા અને સાયબર વોરફેરના પડકારો અંગે ચર્ચા કરતા તેમણે કહ્યું કે ટેકનોલોજીની રીતે અદ્યતન સૈનિકો આપણા સશસ્ત્ર દળોમાં મુખ્ય ભૂમિકા ભજવશે. તેમણે ઉમેર્યું કે વર્તમાન યુવા પેઢીમાં ખાસ કરીને આ ક્ષમતા છે અને તેથી અગ્નિવીર આવનારા સમયમાં આપણા સશસ્ત્ર દળોમાં અગ્રણી ભૂમિકા ભજવશે.

આ યોજના મહિલાઓને વધુ સશક્ત કેવી રીતે કરશે તે વિશે પણ પીએમએ વાત કરી હતી. તેમણે કેવી રીતે મહિલા અગ્નિવીરોને નૌકાદળના દળોમાં ગૌરવ વધાર્યું છે તે અંગે ખુશી વ્યક્ત કરી અને કહ્યું કે તે ત્રણેય દળોમાં મહિલા અગ્નિવીરોને જોવા માટે ઉત્સુક છે.પીએમએ સિયાચીનમાં તૈનાત મહિલા સૈનિક અને આધુનિક ફાઈટર પ્લેન ચલાવતી મહિલાઓના ઉદાહરણો ટાંકીને એ પણ યાદ કર્યું કે કેવી રીતે મહિલાઓ વિવિધ મોરચે સશસ્ત્ર દળોનું નેતૃત્વ કરી રહી છે.

પીએમએ કહ્યું કે વિવિધ પ્રદેશોમાં પોસ્ટ થવાથી તેમને વિવિધ અનુભવો મેળવવાની તક મળશે અને તેઓએ વિવિધ ભાષાઓ અને વિવિધ સંસ્કૃતિઓ અને જીવન જીવવાની રીતો વિશે પણ શીખવાનો પ્રયાસ કરવો જોઈએ. તેમણે કહ્યું કે ટીમ વર્ક અને નેતૃત્વ કૌશલ્યનું સન્માન તેમના વ્યક્તિત્વમાં એક નવું પરિમાણ ઉમેરશે. તેમણે અગ્નિવીરોને તેમની પસંદગીના ક્ષેત્રોમાં તેમની કુશળતાને બહેતર બનાવવા માટે કામ કરવાની સાથે સાથે નવી વસ્તુઓ શીખવા માટે ઉત્સુક રહેવા માટે પ્રોત્સાહન આપ્યું. યુવાનો અને અગ્નિવીરોની ક્ષમતાને બિરદાવતા પીએમએ એમ કહીને સમાપન કર્યું કે તેઓ જ ૨૧મી સદીમાં રાષ્ટ્રને નેતૃત્વ પ્રદાન કરવા જઈ રહ્યા છે.

# મુંબઈમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૦૦ને પાર કરી ગયો

મુંબઈ,

મુંબઈની હવામાં પ્રદૂષણનું ઝેર ફેલાઈ ગયું છે. શહેરમાં સતત છઠ્ઠા દિવસે હવાની ગુણવત્તાનો સૂચકાંક દિલ્હી કરતાં ખરાબ રહ્યો છે. મુંબઈમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૦૦ને પાર કરી ગયો છે. મુંબઈનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૧૯ નોંધાયો છે. હવાની ગુણવત્તા નબળી કેટેગરીમાં હોવાથી પવનની ગતિ ધીમી પડી છે. તેથી શહેરના દક્ષિણ અને મધ્ય ભાગની હવા ખરાબ શ્રેણીમાં નોંધવામાં આવી છે. મુંબઈમાં હવાની ગુણવત્તા દિવસેને દિવસે બગડતી જઈ રહી હોવાથી લોકોને સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. મુંબઈમાં ઘણા દર્દીઓમાં શરદી, ઉધરસ, ગળામાં દુખાવો જેવી સમસ્યાઓ વધી છે. રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ વહીવટીતંત્ર દ્વારા વધતા પ્રદૂષણને પહોંચી વળવા હજુ સુધી કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. મુંબઈમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ વધીને ૩૧૯ થઈ ગયો છે. એટલે કે મુંબઈની હવા હાઈ રિસ્ક કેટેગરીમાં નોંધાઈ છે, જ્યારે હાલ દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૦૮ છે. નવી મુંબઈમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ વધીને ૩૬૨, અંધેરી ૩૨૭, ચેમ્બુર ૩૫૨, બીકેસી ૩૨૫, બોરીવલી ૨૧૫, વરલી ૨૦૦, મઝગાંવ ૩૩૧, મલાડ ૩૧૯, કોલાબા ૩૨૩, તો ભાંડુપમાં ૨૮૩ થઈ ગયો છે. ચેમ્બુર અને નવી મુંબઈમાં હવાની ગુણવત્તા ગંભીર સ્થિતિમાં છે. પૂર્વ પર્યાવરણ પ્રધાન આદિત્ય ઠાકરેએ મુંબઈમાં વધી રહેલા પ્રદૂષણ અંગે ટ્વીટ કરીને સરકારની ટીકા કરી છે. એવી ટીકા થઈ રહી છે કે સરકાર મુંબઈ ક્લાઈમેટ એક્શન પ્લાનને લઈને ગંભીર નથી અને તેણે આ અંગે કામ અટકાવી દીધું છે. એવું જોવામાં આવ્યું છે કે ચાલી રહેલા મેટ્રો કામો, રસ્તાઓ પર વાહનોની વધેલી સંખ્યા અને ધૂળની સંયુક્ત અસરોને કારણે પરિસ્થિતિ વધુ વણસી છે. હવામાં ઝેરી પ્રદૂષણને કારણે બીમાર લોકોને સ્વાસ્થ્ય સંબંધી તકલીફ થવાની સંભાવના છે.

# આપની આજ.......

મેષ : તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.

વૃષભ : લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે. આ ઉપરાંત સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે.

મિથુન : આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે. બીજી તરફ તમારા કાર્યસ્થળમાં પણ કામનું દબાણ વધારે રહેશે.

કર્ક : તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે. સખત મહેનત કરવી.

સિંહ : આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો.

કન્યા : સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે, જેની સાથે તમને જીવનમાં સફળતા મળી શકે છે.

તુલા : તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.

વૃશ્ચિક : આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો. આ ટેવ છોડો.

ધનુ : આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

મકર : તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.

કુંભ : આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

મીન : આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો.

# બજરંગ પુનિયા બોલ્યા-જાનથી મારી નાખવાની મળી ધમકી, પીએમ મોદી-શાહ પાસે ઉમ્મીદ

# ખેલાડીઓએ હવે ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષાને લેખિત ફરિયાદ કરી છે



નવીદિલ્હી,

રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ સામે દેશના કુસ્તી ખેલાડીઓ હટવાનું નામ નથી લઈ રહ્યા. દેશની જાણીતી ખેલાડી વિનેશ ફોગટના નેતૃત્વમાં આ ખેલાડીઓએ હવે ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષાને લેખિત ફરિયાદ કરી છે. આ ફરિયાદમાં વિનેશ ઉપરાંત બજરંગ પુનિયા, દીપક પુનિયા, સાક્ષી મલિક, રવિ દહિયાના નામ સામેલ છે. બ્રિજ ભૂષણ પર મહિલા ખેલાડીઓના યૌન શોષણનો આરોપ છે અને તેના વિરોધમાં દેશના જાણીતા ખેલાડીઓ છેલ્લા બે દિવસથી નવી દિલ્હીના જંતર-મંતર પર ધરણા પર બેઠા છે.આ ફરિયાદમાં લખવામાં આવ્યું છે કે, “દેશના તમામ કુસ્તી ખેલાડીઓ વતી અમે ડબ્લ્યુએફઆઈ પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ કરવામાં આવેલી જાતીય સતામણીની ફરિયાદો તમારા ધ્યાન પર લાવવા માંગીએ છીએ. ઘણા યુવા ખેલાડીઓએ અમને આ અંગે ફરિયાદ કરી છે.

આ પત્રમાં યૌન શોષણના આરોપો સિવાય ખેલાડીઓએ ડબ્લ્યુએફઆઈ તરફથી કોન્ટ્રાક્ટની રકમ ન મળવાના આરોપો પણ લગાવ્યા છે. તેમણે કહ્યું, “આ સિવાય ડબ્લ્યુએફઆઈ તરફથી નાણાકીય અનિયમિતતાઓ પણ થઈ છે. મહત્વની વાત એ છે કે ડબ્લ્યુએફઆઈમાં અગાઉ કોઈ કોન્ટ્રાક્ટ નહોતો, પરંતુ ભૂષણના આગમન પછી ફેડરેશને BCCIના રસ્તે જઈ ખેલાડીઓને કોન્ટ્રાક્ટ આપ્યા હતા.આ પત્રમાં લખવામાં આવ્યું છે કે, ટોક્યો ઓલિમ્પિક બાદ વિનેશ એટલી પરેશાન હતી કે, તેના મગજમાં આત્મહત્યાનો પ્રયાસ પણ આવ્યો. પત્રમાં લખવામાં આવ્યું હતું કે, “જ્યારે વિનેશ ટોક્યો ઓલિમ્પિકમાં મેડલ જીતવામાં ચૂકી ગઈ, ત્યારે ડબ્લ્યુએફઆઈ પ્રમુખે તેને માનસિક રીતે એટલી હદે પરેશાન કરી કે તેણે આત્મહત્યા કરવાનું વિચાર્યું.’’પત્રમાં આગળ લખવામાં આવ્યું છે કે, ડબ્લ્યુએફઆઈ પ્રમુખ દ્વારા રાષ્ટ્રીય શિબિરમાં નિયુક્ત કોચ અને સ્પોર્ટ્સ સાયન્સ સ્ટાફ સક્ષમ ન હતા. તે લોકો માત્ર તેમના સપોર્ટ કરનાર હતા અને તેમણે રાષ્ટ્રીય શિબિરમાં ખરાબ વાતાવરણ સર્જ્યું હતું.આ પત્રમાં ખેલાડીઓએ પોતાની માંગણીઓ રાખી છે. જેમાં જણાવ્યું છેં કે અમે ઈચ્છીએ છીએ કે, ભારતીય ઓલિમ્પિક એસોસિએશન તાત્કાલિક અસરથી એક સમિતિની રચના કરે અને જાતીય સતામણીના આરોપોની તપાસ કરે.ભારતીય રેસલિંગ ફેડરેશનના પ્રમુખ બ્રિજ ભૂષણ શરણ સિંહ પર યૌન શોષણ અને તાનાશાહી વલણ જેવા ગંભીર આરોપોનો સામનો કરવો પડી રહ્યો છે. ખેલાડીઓએ તેના પર ખુરશીનો અયોગ્ય લાભ લેવાનો આરોપ લગાવ્યો છે. ઓલિમ્પિયન રેસલર બજરંગ પુનિયાએ કહ્યું છે કે અમે બ્રિજભૂષણ શરણ સિંહના આગળ આવવાની રાહ જોઈ રહ્યા છીએ. અમે અમારી કારકિર્દી જોખમમાં મૂકીને અહીં આવ્યા છીએ. આ લડાઈ આપણા યુવા કુસ્તીબાજો માટે છે જે કુસ્તીનું ભવિષ્ય છે. તેમણે કહ્યું કે બજરંગ પુનિયાએ કહ્યું, પીએમ મોદી, અમિત શાહ પાસેથી ઘણી અપેક્ષાઓ છે. વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ વિજેતા વિનેશ ફોગાટ અને ટોક્યો ઓલિમ્પિકના બ્રોન્ઝ મેડલ વિજેતા બજરંગ પુનિયાએ કહ્યું છે કે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ ખેલાડીઓને પરેશાન કરે છે. તેઓ માનસિક અને શારીરિક દબાણને આધિન છે. કુસ્તીના ખેલાડીઓએ આ મામલે નિષ્પક્ષ તપાસ અને કાર્યવાહીની માંગ કરી છે.

કુસ્તીબાજ પુનિયાએ એક નિવેદનમાં બ્રિજ ભૂષણ શરણ સિંહ પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે. રાષ્ટ્રીય રાજધાનીમાં WFI અને ફેડરેશન ચીફ સામે વિરોધ કરી રહેલા એથ્લેટ્સમાં પુનિયાનો સમાવેશ થાય છે. રેસલિંગ એસોસિએશનના પ્રમુખ સામે કાર્યવાહીની માંગ સાથે કુસ્તી ખેલાડીઓ દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શન કરી રહ્યા છે. વિરોધના ત્રીજા દિવસે, બજરંગ પુનિયાએ કહ્યું, "અમને વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને રમતગમત પ્રધાન અનુરાગ ઠાકુર પાસેથી ઘણી આશાઓ છે. વડા પ્રધાને હંમેશા એ સુનિશ્ચિત કર્યું છે કે ખેલાડીઓને ન્યાય અને માન્યતા મળે. સરકાર અમને ખાતરી આપી અમે ખાતરી આપી છે કે અમારી માંગણીઓ સ્વીકારવામાં આવશે. WFI પ્રમુખ આ મુદ્દા પર રાજનીતિ કરી રહ્યા છે અને તેને જ્ઞાતિનો એંગલ આપી રહ્યા છે. આ સંપૂર્ણ રીતે કુસ્તીબાજનું આંદોલન છે અને રાજકીય વિરોધ નથી. જરૂર પડશે તો અમે કાયદાકીય પગલાં લઈશું." કુસ્તીબાજ બજરંગ પુનિયાએ કહ્યું કે અગાઉ પણ તેને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી હતી. જેના ડરને કારણે તેણે રેસલિંગ ફેડરેશનના પ્રમુખની તરફેણમાં ઘણી વખત સમર્થન કર્યું હતું અથવા બોલ્યા હતા. બજરંગ પુનિયાએ કહ્યું કે આવા લોકોને રેસલિંગ એસોસિએશનમાંથી બહાર કરવાની તેમની માંગ છે. આ માટે તેઓ કાનૂની લડાઈમાં પણ પાછળ નહીં હટે.

**દાહોદ આવૃત્તિ**

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

## ફતેપુરા તાલુકાના હડમત ખાતે યોજાયેલ

# ગ્રામ સભામાં ડેપ્યુટી સરપંચના પતિ સહિત તેના પુત્રોએ ગ્રામ સભામાં હાજર નાગરિકને માર માર્યો

**- ગ્રામ સભામાં હાજરી કેમ આપી? તેમ જણાવી મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પીડિત દ્વારા સુખસર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી.**

દાહોદ,

ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ પંચાયતો દ્વારા યોજાતી ગ્રામ સભાઓ દ્વારા પ્રજાને પીડતા વિવિધ પ્રશ્નોને વાંચા આપવા અને તેના નિરાકરણ માટે સાથે- સાથે ગામના વિકાસને વેગ આપવા માટે મહત્વનો ફાળો ધરાવે છે અને યોજાતી ગ્રામ સભામાં ગામના તમામ નાગરિક ગ્રામસભાના સભ્ય હોય છે અને આ સભામાં ગામનો કોઈપણ સભ્ય નિષ્પક્ષ પણે કોઈપણ જાતની રોકટોક વિના હાજર રહી શકે છે. તેવી જ રીતે આજરોજ ફતેપુરા તાલુકાના હડમત ગ્રામ પંચાયત દ્વારા ગ્રામસભા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના એક વૃદ્ધ દ્વારા ગ્રામસભામાં હાજરી આપતા ડેપ્યુટી સરપંચના પતિ સહિત તેના બે પુત્રો દ્વારા વૃદ્ધ સાથે મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા તેની સુખસર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.



પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના હડમત ગ્રામ પંચાયત દ્વારા આજરોજ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ગ્રામ પંચાયત કાર્યાલયના અભાવે આ ગ્રામ સભા ગામના કચરાભાઈ વીરજીભાઈ ચારેલના રહેણાંક મકાન ઉપર રાખવામાં આવેલ હતી. જ્યાં ગામના અન્ય નાગરિકો હાજર હતા ત્યાં હડમતના ગળી ફળિયામાં રહેતા તેરસિંગભાઈ કોયાભાઈ ચારેલ આજરોજ સવારના ૧૦:૦૦ વાગ્યાના અરસામાં ગ્રામસભામાં હાજરી આપવા માટે ગયા હતા. જો કે આ ગ્રામ સભામાં નિયત કરેલ અધિકારીઓ ગેરહાજર હોય તલાટી કમ મંત્રી તથા ગ્રામજનો દ્વારા ગ્રામ સભાનું સંચાલન કરવામાં આવ્યું હોવાનું પણ જાણવા મળે છે.

તેવા સમયે ડેપ્યુટી સરપંચના પતિ પારસિંગભાઈ ભુરાભાઈ ચારેલ તથા તેમના બે પુત્રો નામે મંગળાભાઈ તથા કાંતિભાઈનાઓ પણ હાજર હતા. તે દરમિયાન મંગળાભાઈ પારસીંગભાઈ ચારેલે તેરસિંગભાઈ ચારેલને પકડી લઈ જણાવેલ કે, તું આ ગ્રામ સભામાં કેમ આવ્યો?તેમ જણાવી મારામારી કરવા લાગેલ. તેવા જ સમયે પારસિંગભાઈ ચારેલે દોડી આવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ.જ્યારે કાંતિભાઈ ચારેલે તેરસિંગભાઈ ચારેલ ને બિભિત્સ ગાળો આપી મારામારી કરવાની કોશિશ કરતા ગ્રામ સભામાં હાજર અન્ય લોકોએ દોડી આવી તેને પકડી લેતા તેરસિંગભાઈ ચારેલ તેઓની વધુ માર માંથી બચવા ભાગી છુટ્યા હોવા બાબતે તથા હડમત ગ્રામ સભામાં પોતાને તથા ગ્રામજનોમાં ધાક જમાવવાના ઈરાદાથી ડેપ્યુટી સરપંચના પતિ તથા તેના પુત્રોએ મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગયેલ હોવા બાબતે તેરસિંગભાઈ કોયાભાઈ ચારેલે સુખસર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી હોવાનું જાણવા મળે છે.

# દાહોદ જીલ્લા પંચાયતની સામાન્ય સભા યોજાઈ

દાહોદ,

દાહોદ જિલ્લા પંચાયતની જિલ્લા પંચાતના પ્રમુખના અધ્યક્ષસ્થાને આજે સામાન્ય સભા મળી હતી. જેમાં ત્રણેય મહત્વના મુદ્દા ચર્ચાયા હતાં. એકદરે શાંતિપુર્ણ માહૌલમાં સામાન્ય સભા સમ્પન્ન થઈ હતી. અગાઉના પ્રશ્નોના જવાબો આપી દીધાં હતાં. સામાન્ય સભામાં જિલ્લામાં જર્જરીત હાલના ઓરડા, એચ. ટાટના આચાર્યના સંઘને માન્યતા આપવા મામલે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ જિલ્લા પંચાયતની સામાન્ય સભા પંચાયત ભવનમાં મળી હતી. જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલાના અધ્યક્ષસ્થાને મળી હતી. આ સામાન્ય સભામાં પ્રશ્નોત્તરી દરમ્યાન સભ્યોએ સવાલ, જવાબ કર્યા હતા પરંતુ મોટા ભાગના પ્રશ્નોના જવાબ અગાઉથી સભ્યોને આપી દીધાં હતાં. સભામાં વિવિધ સમીતીની બેઠકની કામગીરીની બહાલીનો મુદ્દો સભામાં લેવાયો હતો. આ દરમ્યાન ચોંકાવનારી વિગત સામે આવી હતી. જેમાં જિલ્લામાં ૨૦૧૪ પ્રાથમીક શાળાના ઓરડાઓ જર્જરીત છે. જેનું ટેન્ડરીંગ કરી દેવામાં આવ્યું છે. એપ્રિલ ૨૦૨૨થી આ ઓરડા માટે ટેન્ડરીંગ કરવામાં આવે છે, પરંતુ આ ટેન્ડર કોઈ કોન્ટ્રાક્ટર આજદિન સુધી ભરવા તૈયાર થયું નથી. જેથી જર્જરીત ઓરડાઓ ક્યારે નવા બનશે તે હાલ કહી શકાય તેમ નથી. ક્યાં કારણોસર કોન્ટ્રાક્ટરો ટેન્ડર ભરતા નથી તેના વિશે અનેક પ્રશ્નાર્થો સર્જાયા છે. સરકારે નક્કી કર્યા મુજબ માત્ર એક કોન્ટ્રાક્ટર ટેન્ડર ભરેલ તો પણ તેને પાસ કર્યાની નિતી આવ્યાં છતાં કોઈ કોન્ટ્રાક્ટર ટેન્ડર ભરવા તૈયાર ન ભરવા તૈયાર થતું હોવાનું જિલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું. આ બાબતની ગંભીર નોંધ ધારાસભ્ય અને જિલ્લા પંચાયતના સભ્યોએ લીધી હતી. આટલા મોટી સંખ્યામાં ઓરડા ક્યારે બનશે અને જિલ્લાના ગરીબ આદિવાસીઓને તેનો લાભ ક્યારે મળશે તે કહેવું હાલ અશક્ય છે. સભામાં બીજો મહત્વનો મુદ્દો એ હતો કે, એચ. ટાટ આચાર્યના સંઘને માન્યતા આપવામાં આવે પરંતુ આ માન્યતા રાખવાનો મુદ્દો હાલ પેન્ડીંગ રાખવામાં આવ્યો છે તેના માટે કોઈ કમીટી બનાવીને પછીથી નિર્ણય લેવાશે તેવી સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. જેથી હાલ સુચીત એચ. ટાટ સંઘને માન્યતા નહીં મળશે તે નિશ્ચિત થઈ ચુક્યું છે.

# દે.બારીયા સ્ટેશન રોડ અને ઝાબીયા પ્રા.શાળાના સંયુકત શૈક્ષણિક પ્રવાસ યોજયો

દે.બારીયા,

ગુજકોસ્ટ ગુજરાત સરકાર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્ર દાહોદના હુકમથી સ્ટેશનરોડ પ્રા. શાળા અને ઝાબિયા પ્રા શાળા તા. દેવગઢ બારિયાના સંયુક્ત શૈક્ષણીક પ્રવાસ અમદાવાદ સાયન્સ સિટીની મુલાકાત લીધી હતી. સાયન્સ સિટીમાં બાળકોમાં ટેકનોલોજી સાથે જોડાયેલા તમામ લોકો માટે પ્રેરણારૂપ બની રહે એ ઉમદા હેતુથી સાથે સાથે અભ્યાસને પણ સંલગ્ન કરીને ટેકનોલોજીમાં અભિરૂચિ અને જિજ્ઞાસા વધે એ માટે નું ઉતમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. શાળાના વિદ્યાર્થીઓને ગુજરાત સાયન્સ સિટી મુલાકાત લઈ વિજ્ઞાન વિષયના પોતાના તર્ક અને વિચારો સ્પષ્ટ કરવાનો અવસર મળ્યો.



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

મુલાકાતનો હેતુ વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ટેકનોલોજી અને સર્જનાત્મકતાની વિદ્યાર્થીઓની સમજને પ્રોત્સાહન આપવા અને વધારવાનો હતો. શૈક્ષણિક મુલાકાત બાળકને વધુને વધુ શીખવા માટે પ્રેરિત કરે છે. સાયન્સ સીટીની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ Thriller Ride, Aguatic Galary, 4-D Theater, Planet Earth, Earthquake Experience Ride, Astronomy nd Space Science Galary જેવા વિવિધ સ્થળો જોયા અને જે બુક માંથી નથી શીખી શકતા તેનો રીઅલ લાઈફ માં અનુભવ કર્યો અને આનંદ સાથે જ્ઞાન પણ મેળવ્યું.

શૈક્ષણિક પ્રવાસમાં કુલ ૧૧૦ બાળકો જોડાયા અને સાથે બંને શાળાના આચાર્ય સુનીલાબેન પટેલ અને દીપસિંહભાઈ તેમજ શિક્ષકો અને સાથે સી.આર.સી. કો.ઓર્ડીનેટર એવન પટેલ પણ જોડાયા. શાળાના વિદ્યાર્થીઓ ને પરત ફરતી વખતે સાંજના ભોજન નો આનંદ માણ્યો. સમગ્ર દિવસ દરમિયાન શૈક્ષણિક પ્રવાસનો આનંદ માણી સમયસર બધા જ વિદ્યાર્થીઓ ને ઘરે પહોંચાડ્યા.

## સંજેલીના ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ ખાતે મહારાણા પ્રતાપની પુણ્યતિથિ નિમિત્તે વંદન કરવામાં આવ્યા



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી છેલ્લા ૧૭ વર્ષથી કાર્યરત છે. જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરાવવામાં આવે છે. જેમાં અનાથ બાળકો અને અપંગ બાળકોને વિનામૂલ્યે માર્ગદર્શન, તાલીમ અને જરૂરી મટીરીયલ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક દિલીપકુમાર એચ. મકવાણા દ્વારા તારીખ ૧૯ જાન્યુઆરી ના રોજ ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી ખાતે મહારાણા પ્રતાપની પુણ્ય તિથિ નિમિત્તે સાદર વંદન કરવામાં આવ્યા હતા. તાલીમ મેળવી રહેલા વિદ્યાર્થીઓ સમક્ષ મહારાણા પ્રતાપના ઈતિહાસ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ મોરાના સંચાલક અશ્વિનભાઈ સી સંગાડા દ્વારા મહારાણા પ્રતાપનો પરિચય આપ્યો હતો. હલદીઘાટી ના યુદ્ધ દરમિયાન તે સમયના વેપારી ભામાશાએ અનુદાન આપ્યું હતું. તેમના ભાલાનું વજન ૮૧ કિલો અને બખ્તરનું વજન ૭૨ હતું. ભાલો, બખ્તર અને બે તલવારો મળીને કુલ વજન ૨૦૮ કિલોગ્રામ હતું. તેમજ ચેતક ઘોડા વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. આમ, રાણા પ્રતાપની પ્રતાપની પુણ્ય તિથિ નિમિત્તે સાદર વંદન કરવામાં આવ્યા હતા.

## દાહોદના મુવાલીયા અને રોઝમ ગામેથી બે ઈસમોને બે દેશી પિસ્ટલ સાથે ઝડપ્યા

દાહોદ,

દાહોદ તાલુકાના મુવાલીયા ગામે તથા રોઝમ ગામેથી દાહોદ એલ.સી.બી. પોલીસે બે ઈસમોને ઝડપી પાડી તેઓની પાસેથી નંગ. ૨ માઉઝર (પિસ્ટલ) તથા બે નંગ. ૨ દેશી તમંચા સાથે બે ઈસમોને ઝડપી પાડી તેઓની પાસેથી કુલ ૦૬ જીવતા કાર્ટીસ મળી કુલ રૂા.૩૪,૩૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી બંન્નેને જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે. દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે મુવાલીયા ગામે સરપંચ ફળિયામાં રહેતાં અરવિંદભાઈ સોમજીભાઈ ભાભોર અને રોઝમ ગામે ઉબડકુઈ ફળિયામાં રહેતાં મંગાભાઈ સંગાડાના રહેણાંક મકાનમાં ઓચિંતો છાપો મારતાં ઉપરોક્ત બંન્ને ઈસમોને પોલીસે ઝડપી પાડી તેઓની પાસેથી બે નંગ. માઉઝર (પિસ્ટલ) અને બે નંગ. દેશી તમંચા તેમજ કુલ ૦૬ જીવતા કાર્ટીસ મળી કુલ રૂા.૩૪,૩૦૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ઉપરોક્ત બંન્ને ઈસમોને જેલના સળીયા પાછળ ધકેલી દઈ બંન્ને ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પમ્પ ઓપરેટર્સને ગ્રામ્ય પાણી પુરવઠા ઓપરેટરની ૧૦ દિવસની તાલીમ અને ટૂલકીટ અપાયા



દાહોદ,

ઔધોગિક તાલીમ સંસ્થા, દાહોદ ખાતે ગ્રામ્ય પાણી પુરવઠા ઓપરેટરની તાલીમાન્ત પ્રમાણપત્ર અને કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. ગ્રામ્ય પાણી પુરવઠા ઓપરેટરની ૧૦ દિવસની તાલીમમાં ૮૬ પમ્પ ઓપરેટર્સને તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ દરમિયાન પમ્પ-મોટરને લગતી નાની મોટી સમસ્યાઓનો નિકાલ કરવાની સઘન તાલીમ અપાઈ હતી. આજના કાર્યક્રમમાં પમ્પઓપરેટર્સને ટૂલકીટ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્ય સહિતના સલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## સંજેલી તાલુકા પંચાયત કચેરી ખાતે કેન્દ્રીય મંત્રીની અધ્યક્ષતામાં મહત્વની બેઠક યોજાઈ



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલી ખાતે એક દિવસીય પ્રવાસે પધારેલા પધારેલા શહેરી વિકાસ અને આવાસ યોજનાના ભારત સરકારના કેન્દ્રીય મંત્રી કૌશલ કિશોર એક દિવસીય વિધાનસભાના પ્રવાસે આવ્યા હતા. ત્યારે સંજેલી તાલુકા પંચાયત કચેરી ખાતે કેન્દ્રીય મંત્રીની અધ્યક્ષતામાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અધિકારીઓ, કર્મચારીઓ, ગ્રામજનો વેપારીઓએ બેઠકમાં હાજરી આપી હતી. જેમાં વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી દ્વારા ભાર મૂકવામાં આવ્યો હતો. વ્યસન નામક નશાને જડમૂળ માંથી નેસ્ત નાબૂદ કરવા માટે હાંકલ કરવામાં આવી હતી. યુવાઓમાં વ્યસનખોરીનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. જેને જડમૂળ માંથી નેસ્ત નાબૂદ કરવા હાંકલ કરી હતી અને સૌ લોકોએ સંકલ્પ લીધા હતા, તેમજ કેન્દ્રીય મંત્રીએ વિવિધ વિષયો પર સહજતા પૂર્વક ચર્ચા પરામર્શ કરી હતી.

આ પ્રસંગ વેળાએ કેન્દ્રિયમંત્રી કૌવશલ કિશોર કુમાર, ધારાસભ્ય રમેશભાઈ કટારા, તાલુકાના અધિકારીઓ, જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ અમલિયાર, વેપારીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં બેઠકમાં જોડાયા હતા.

## દાહોદમાં કમલમ્ ખાતે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમને લઈ એક બેઠકનું થયું આયોજન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

આપણાં દેશના યશસવી વડાપ્રધાન જ્યારે ટીવી ઉપર આવે ત્યારે જન્મ થી માંડી મતાધિકાર ઉપર વક્તવ્ય આપતા હોય છે પણ આ વાત છે. જેનો મતાધિકાર નથી એવા વિદ્યાર્થીઓ માટે ૨૦૧૮માં "પરીક્ષા પે ચર્ચા" કાર્યક્રમ શરૂ કર્યો હતો. તેનો મૂળ હેતુ વિદ્યાર્થીઓ જ્યારે પરીક્ષા આપવા જાય એ પછી પ્રાથમિક હોય કે બોર્ડ હોય તે વખતે વિદ્યાર્થી ડિપ્રેશનમાના રહે પરીક્ષાના નામ થી ગભરાય નહિ અને વિના ડરે તે ખુશનમાં વાતાવરણમાં પરીક્ષા આપવા જાય જેથી તે વિદ્યાર્થી પોતાનું ધાર્યા કરતા સારૂં પરિણામ લાવી શકે. ૨૭મી તારીખે મન કી બાતનો કાર્યક્રમ જેમાં પરીક્ષા પે ચર્ચા ઉપર પ્રધાનમંત્રી બોલવાના છે અને આ કાર્યક્રમ ૫૦૦ વિદ્યાર્થીઓ સાથે દાહોદ જિલ્લાના દરેક મંડલમાં કરવાનો છે. દરેક વિદ્યાર્થીને સર્ટિફિકેટ નું વિતરણ કરવામાં આવનાર છે. તેવું લીમખેડા મંડળના સરદારસિંહ એ આ સમગ્ર માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં દાહોદ જિલ્લા પ્રમુખ શંકર આમલીયર, દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, મહામંત્રી નરેન્દ્ર સોની અને સ્નેહલ ધરિયા, અને ડેટા મેનેજમેન્ટ મધ્ય ઝોનના ઈન્ચાર્જ ચિરાગ શાહ દાહોદ ગોધરાથી આવ્યા હતા અને દાહોદ જિલ્લા ડેટા મેનેજમેન્ટના ઈન્ચાર્જ દીપેશ લાલપુરવાળા તેમજ દાહોદના દરેક વિધાનસભા મંડલમાંથી સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ S.T. ડેપો દ્વારા ગ્રામ્ય વિસ્તારમાંથી નવીન રૂટની બસ ચાલુ કરવામાં આવી

ઝાલોદ,

તા.૧૯/૦૧/૨૦૨૩ના ગુરૂવારના રોજ આંતરિયાળ વિસ્તારથી નવીન શિડ્યુલ બસ ઝાલોદ એસ.ટી દ્વારા શરૂ કરવામાં આવી હતી. ઘણા લાંબા સમયથી બલેંડિયા ગ્રામજનોની આ રૂટની માંગ હતી. તેથી ઝાલોદ એસ.ટી ડેપો મેનેજર દ્વારા એક બસ બલેન્ડિયા-સુરત-રામનગર ઝાલોદ ડેપો ખાતેથી શરૂ કરવામાં આવી હતી.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

જેથી અહીંથી સીધા કામ અર્થે સુરત જનાર લોકોમાં આનંદની લાગણી જોવા મણી હતી. આ બસના ઉદઘાટન સમારોહમાં ખાખરીયા બલેન્ડીયા ગ્રામ્યના આગેવાનો, વડીલો વિશેષ હાજર રહ્યા હતા અને ગ્રામજનો દ્વારા બસની પૂજા આરતી કરી શ્રીફળ વધેરી નવીન રૂટ પર જનાર બસનું સ્વાગત કરી ઝાલોદ ડેપોના નિર્ણયને ગ્રામજનો દ્વારા વધાવી લેવામાં આવ્યો હતો.



**બી.આર.સી ભવન, લીમખેડા ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મયુરભાઈ પારેખ દ્વારા ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આગામી ૨૯/૧ /૨૦૨૩ ના રોજ યોજાનારી જુનિયર કલાર્કની સ્પર્ધાત્મક પરીક્ષા માટે સ્થળ સંચાલક તથા ખંડ નિરીક્ષકો ની તાલીમ રાખવામાં આવી હતી. જેમાં લીમખેડા તથા સીંગવડ તાલુકાના શિક્ષકો હાજર રહ્યા હતા. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મયુરભાઈ પારેખ દ્વારા પરીક્ષાલક્ષી કામગીરીની તમામ માહીતી આપવામાં આવી હતી.**



**વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળ દાહોદ જિલ્લાના મઠ મંદિર સંયોજક પ્રવિણ કલાલ દ્વારા પોતાનો જન્મ દિવસ અલગ રીતે ઉજવવામાં આવ્યો હતો. લીમડી નવાબજારમાં હનુમાનજી મંદિર ખાતે ગામના બાળકો નવયુવાનો સાથે હનુમાન ચાલીસા પાઠ અને મહારાણા પ્રતાપજીના જીવન વિશે જાણકારી આપવામાં આવી આજની હિન્દુ પેઢી જે પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ કરે છે. એમને પ્રેરણા લાયક કિસ્સો હતો અને આમાંથી બીજા લોકો પ્રેરાઈને હિન્દુ ધર્મનો વિસ્તાર કરે તેવો વિશેષ આશય હતો જેથી ભાવિ પેઢીને પોતાના ધર્મ વિશે પૂરતું અધ્યયન રહે તેવો સ્પષ્ટ આશય જોવા મળ્યો હતો. આમ બજરંગ દળના સંયોજક દ્વારા પોતાનો જન્મ દિવસની અનોખી રીતે ઉજવ્યો હતો.**

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.129

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા નગર પાલિકાની સામાન્ય સભામાં AIMIM ના સભ્યો દ્વારા હોબાળો કરવામાં આવ્યો





- પાલિકાની સામાન્ય સભા ૫૫ સેકન્ડમાં પુરી.
- પાલિકા વિસ્તારના વિકાસના ૫૫ મુદ્દાના એજન્ડા ૫૫ સેકન્ડમાં મંજુર.

ગોધરા,

ગોધરા નગર પાલિકાની સામાન્ય સભા માત્ર ૫૫ સેકન્ડમાં પુરી કરવામાં આવી. સભામાં વિરોધ પક્ષના સભ્યો દ્વારા હોબાળો કરવામાં આવ્યો. વિકાસના કામોના એજન્ડા કોઈપણ ચર્ચા વિર્મસ વગર મંજુર કરવામાં આવ્યા.

ગોધરા નગર પાલિકા ખાતે સામાન્ય સભા યોજાઈ હતી. સામાન્ય સભા માત્ર ૫૫ વિકાસના કામોના એજન્ડા માત્ર ૫૫ સેકન્ડમાં મંજુર કરવામાં આવ્યા હતા અને સામાન્ય સભા પુરી કરવામાં આવી. ગોધરા પાલિકામાં સત્તાધિશ પાર્ટી સામાન્ય સભામાં વિકાસના કામોના એજન્ડા ઉપર કોઈપણ જાતની ચર્ચા કે વિચાર વિર્મસ ચુંટાયેલા સભ્યોના વ્યુહ લીધા વગર મનમાની રીતે ૫૫ મુદ્દાના એજન્ડાવાળા વિકાસના કામોને ૫૫ સેકન્ડમાં મંજુર કરીને સામાન્ય સભા આરોપી લેવામાં આવતાં મીમ પાર્ટીના પાલિકા સભ્યો દ્વારા હોબાળો કરવામાં આવ્યો હતો. સત્તાધિશ પાર્ટી પાલિકામાં અન્ય ચુંટાયેલા સભ્યોને કોઈ ગણતી નથી અને સામાન્ય સભામાં વિકાસના કામોને લઈ કોઈપણ જાતની ચર્ચા કર્યા વગર મનમાની રીતે વિકાસના કામો ઉપર મંજુરીની મહોર મારી દેવામાં આવે છે. ગોધરા પાલિકામાં ચુંટાયેલા સભ્યો માત્ર દેખાવ પુરતા છે. ચુંટાયેલા સભ્યો પોતાના વિસ્તારના વિકાસના કામો બાબતે પણ રજુઆત કરી શકે તેવી સ્થિતીમાં નથી. કારણ કે, સત્તાધિશ પાલિકા સત્તાધિશો પોતાની મરજી મુજબ સામાન્ય સભાઓ આયોજન માત્ર કાગળ ઉપર દર્શાવવા માટે કરતું હોય છે. સામાન્ય સભામાં વિકાસના એજન્ડા ઉપર કોઈપણ ચર્ચા કરતી નથી. તેવા આક્ષેપ એઆઈએમઆઈએમ ના મીમના ફેજલ સુજેલા દ્વારા કરવામાં આવ્યા છે. મીમના સભ્યોએ પાલિકા પ્રમુખનો ઘેરાવ કરતાં પ્રમુખ જવાબ આપ્યા વગર સ્થળ છોડી જતા રહ્યા હતા.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજયના તમામ જિલ્લાઓને એક સાથે સંબોધી કેન્દ્ર સરકારની ગુડ સમરિટન યોજનાનું વર્ચ્યુઅલી રિલોન્ચિંગ કર્યું



ગોધરા,

કેન્દ્ર સરકારની ગુડ સમરિટન યોજનાના રિલોન્ચિંગ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગાંધીનગરથી તમામ જિલ્લાઓના જિલ્લા કલેક્ટરઓ સાથે વર્ચ્યુઅલી સંબોધન કરી કેન્દ્ર સરકારની ગુડ સમરિટન યોજનાનું રાજ્યમાં રિલોન્ચિંગ કર્યું હતું. આ અવસરે પંચમહાલ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા સહિતના અધિકારીઓ વર્ચ્યુઅલી જોડાયા હતા.

કોન્ફરન્સ પૂર્ણ થયા બાદ કલેકટરના હસ્તે અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ વ્યક્તિઓને હોસ્પિટલ પહોંચાડનાર જિલ્લાના પાંચ ગુડ સમરિટનને પ્રશંસાપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરાયા હતા. જિલ્લાના મદદરૂપ નાગરીકો જેમાં ગોધરાના પ્રકાશભાઈ ઓડ અને સુરેશભાઈ બારીયા, હાલોલના ચિરાગભાઈ ગોહિલ, મોરવા હડફના સુરેશભાઈ કટારા તથા શહેરાના વિક્રમભાઈ પગીનો સમાવેશ થાય છે.

ગુડ સમરિટન વિશે જણાવતા કલેક્ટર કહ્યું હતું કે,ગંભીર માર્ગ અકસ્માતમાં ઘવાયેલા વ્યક્તિઓને જો તાત્કાલિક સારવાર મળે તો જાનહાનિ નિવારી શકાય છે. આ યોજના અંતર્ગત અકસ્માત થયાનાં ગોલ્ડન અવરમાં તુરંત મદદે આવનાર વ્યક્તિને ગુડ સમરિટન કહેવામાં આવે છે.

ગુડ સમરિટન એવોર્ડ વિશે માહિતી આપતા કલેક્ટરએ વધુમાં કહ્યું હતું કે, ગુડ સમરિટનને મળવાપાત્ર નાણાંકીય સહાય એવોર્ડ મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ, ભારત સરકાર દ્વારા અમલમાં આવેલી આ યોજના અન્વયે એક ગુડ સમરિટન એક અથવા વધુ વ્યકિતઓના જીવ બચાવે તો રૂ.૫,૦૦૦ની એવોર્ડની રકમ મળવા પાત્ર છે. જો એક કરતાં વધુ ગુડ સમરિટન એક વ્યક્તિનો જીવ બચાવે તો રૂ.૫,૦૦૦ તેમની વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવશે. જો એક કરતાં વધુ ગુડ સમરિટન એક કરતાં વધુ વ્યકિતઓનો જીવ બચાવે તો મહત્તમ રૂ.૫,૦૦૦ પ્રતિ ગુડ સમરિટન પુરસ્કાર મળે છે. એમ તેમણે ઉમેરીને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

આ પ્રસંગે નિવાસી જિલ્લા કલેકટર એમ.ડી.ચુડાસમા, પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી,આર.ટી.ઓ અધિકારી, જિલ્લા અગ્રણી અશ્વિનભાઈ, મયંકભાઈ સહિત પોલીસ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હાલોલના રામશેરા નજીક નર્મદા કેનાલ ઉપર કાર ચાલકે બાઈક સવાર દંપતિ અને બાળકીને અડફેટમાં લેતાં સારવાર માટે ખસેડાયા



હાલોલ,

હાલોલ તાલુકાના રામેશરા નજીક પસાર થતી નર્મદા ની મુખ્ય નહેર ઉપર થયેલા અકસ્માત માં મોટરસાયકલ ઉપર બોડેલી તરફ જઈ રહેલા દંપતીને કાર ચાલકે અડફેટે લેતા બાઈક ઉપર થી ઉછળી ફંગોડાયેલા દંપતી અને એક બાળકી અસ્માતમાં ઘવાયા હતા. તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. હાલોલ તાલુકાના રામેશરા નજીક થી પસાર થતી નર્મદાની મુખ્ય નહેર ઉપર આજે બપોરે એક મોટરસાયકલને કારે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ત્રણને ઈજાઓ થતા તમામને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. પાંચ વર્ષની બાળકી સાથે જઈ રહેલા દંપતીને માથામાં અને શરીરે ઈજાઓ થતા તમામને સારવાર આપવામાં આવી હતી. મહીસાગર જિલ્લાના લુણાવાડા રહેતા હિતેશભાઈ મંગળભાઈ પટેલના લગ્ન છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે થયા હતા. જેઓ આજે સાસરીમાં જઈ રહ્યા હતા. ત્યારે રામેશરા ખાતે તેઓની મોટર સાયકલને અકસ્માત થયો હતો. લુણાવાડા થી બોડેલી મોટર સાયકલ લઈ પત્ની રંગીતાબેન અને પાંચ વર્ષની પુત્રી હિમલને લઈ મોટર સાયકલ ઉપર સાસરીમાં જવા નીકળેલા હિતેશભાઈ કાલોલ થી બોડેલી સુધી નર્મદાની મુખ્ય નહેરના ટૂંકા રસ્તે થી નીકળ્યા હતા. ત્યારે હાલોલ નજીક આવેલ રામેશરા ગામ નજીક તેઓની મોટરસાયકલને કોઈ કાર ચાલકે ટક્કર મારતા હિતેશભાઈ પત્ની અને પુત્રી સાથે રોડ ઉપર ફંગોળાઈ પટકાયા હતા. અકસ્માત બાદ કાર ચાલક ફરાર થઈ ગયો હતો. ત્યાંથી પસાર થતા અન્ય કાર ચાલકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવતા તમામને હાલોલ રેફરલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. લુણાવાડા થી બોડેલી સાસરીમાં જઈ રહેલા હિતેશભાઈના પરિવાર માટે નર્મદા નહેરનો ટૂંકો માર્ગ જોખમી સાબિત થયો હતો.

## ગોધરાના કાંકણપુર સેવાશ્રમ વૃધ્ધાશ્રમ ખાતે હેલ્પલાઈન એલ્ડર ૧૪૫૬૭ ની પ્રથમ વર્ષ ગાંઠની ઉજવણી કરાઈ



કાંકણપુર,

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ વરિષ્ઠ નાગરિક માટે હેલ્પએજ ઈન્ડિયા અંતર્ગત કાર્યરત હેલ્પલાઈન એલ્ડર લાઈન-૧૪૫૬૭ની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના કાંકણપુર ગામે ચાલતા સેવાશ્રમ વૃદ્ધાશ્રમ ખાતે કેક કાપીને પ્રથમ વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી. જેમાં ગોધરા તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ સામંતસિંહ પરમાર, એલ્ડર લાઇન પંચમહાલ જિલ્લાના ફિલ્ડ રિસ્પોન્સ ઓફિસર ભુપેન્દ્રસિંહ મકવાણા, મહીસાગર જિલ્લાના ફિલ્ડ રિસ્પોન્સ ઓફિસર હિરેન્દ્રભાઈ પરમાર, હેલ્પએજ ઈન્ડિયાના ગોધરા મોબાઈલ હેલ્થ યુનિતની ટીમ અને સેવાશ્રમ વૃદ્ધાશ્રમના ગૃહપતિ રાજેશભાઈ મહેરા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં એલ્ડર લાઈન-૧૪૫૬૭ વિશે અને તેની સેવાઓ વિશે માહિતી આપવામાં આવી. તેમજ મેડીકલ કેમ્પ દ્વારા લાભાર્થીઓનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું. આધાર કાર્ડ કેમ્પ દ્વારા લાભાર્થીઓના આધાર કાર્ડમાં સુધારો-વધારો કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમ દરમ્યાન હાજર તમામ વરિષ્ઠ નાગરિકોમાં ખુશીની લાગણી જોવા મળેલ હતી.

તા.૨૦/૦૧/૨૦૨૩ના રોજ ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ વરિષ્ઠ નાગરિક માટે હેલ્પએજ ઈન્ડિયા અંતર્ગત કાર્યરત હેલ્પલાઈન એલ્ડર લાઈન-૧૪૫૬૭ની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના કાંકણપુર ગામે ચાલતા સેવાશ્રમ વૃદ્ધાશ્રમ ખાતે કેક કાપીને પ્રથમ વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી. જેમાં ગોધરા તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ સામંતસિંહ પરમાર, એલ્ડર લાઇન પંચમહાલ જિલ્લાના ફિલ્ડ રિસ્પોન્સ ઓફિસર ભુપેન્દ્રસિંહ મકવાણા, મહીસાગર જિલ્લાના ફિલ્ડ રિસ્પોન્સ ઓફિસર હિરેન્દ્રભાઈ પરમાર, હેલ્પએજ ઈન્ડિયાના ગોધરા મોબાઈલ હેલ્થ યુનિટની ટીમ અને સેવાશ્રમ વૃદ્ધાશ્રમના ગૃહપતિ રાજેશભાઈ મહેરા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં એલ્ડર લાઈન-૧૪૫૬૭ વિશે અને તેની સેવાઓ વિશે માહિતી આપવામાં આવી. તેમજ મેડીકલ કેમ્પ દ્વારા લાભાર્થીઓનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું. આધાર કાર્ડ કેમ્પ દ્વારા લાભાર્થીઓના આધાર કાર્ડમાં સુધારો-વધારો કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમ દરમ્યાન હાજર તમામ વરિષ્ઠ નાગરિકોમાં ખુશીની લાગણી જોવા મળેલ હતી.

## ગોધરા તાલુકાના પઢિયાર ખાતે આત્મા પ્રોજેક્ટ, પંચમહાલ દ્વારા કિસાન ગોષ્ઠીનું આયોજન કરાયું



ગોધરા,

ચાલુ વર્ષને મિલેટ વર્ષ (હલકા ધાન્ય પાકો)ની ઉજવણીના ભાગરૂપે પંચમહાલ જિલ્લામાં આજરોજ ગોધરા તાલુકાના આધ્યાત્મિક ગામ પઢિયાર ખાતે આત્મા પ્રોજેક્ટ, પંચમહાલ દ્વારા ગોઠવેલ કિસાન ગોષ્ઠીમાં અત્યારના સમયની માંગનાં હેતુને ધ્યાને રાખી પ્રાકૃતિક કૃષિ વિષયની સાથે ખેતીવાડી, બાગાયત અને પશુપાલનની યોજનાઓથી ખેડૂતો માહિતગાર થાય તે માટે કિસાન ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં હાલના સમયમાં ખેતીમાં આવક બમણી કરવાનાં માન.પ્રધાનમંત્રીની હાકલ સ્વરૂપે ખેતીમાં ખર્ચમાં ઘટાડો થાય તે માટે જે તે સમયે મજુરો નહી મળવાને કારણે અથવા સમયસર ખેતીકામ કરી આગામી સિઝનમાં યોગ્ય સમયે વાવેતર થાય તે માટે આધુનિક ઓજારો માનવ સંચાલીત પાવર ટીલર, પાવર વિડર, રિપર અંગે સંપુર્ણ માહિતી સાબર ટ્રેકટરમાંથી હાજર રહેલ સેલ્સ ઓફિસર યોગેશ જી.પટેલ દ્વારા પૂરી પાડવામાં આવી હતી. જેની સાથે ખેડૂતોને મેસી ફર્ગ્યુસનનાં ૨૦ HP થી ૭૫ HP ના દરેક મોડેલની વિશિષ્ટ લાક્ષણિક્તા સાથેની સમજ પણ આપવામા આવેલ હતી.

ઉપરોક્ત કિસાન ગોષ્ઠિમાં આત્મા પ્રોજકટના પ્રોજક્ટ ડાયરેક્ટર પી.એસ.પટેલ સાથે આત્મા સ્ટાફ, માસ્ટર ટ્રેનર અને મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો.

## પંચમહાલ ૧૮૧ મહિલા અભયમ ટીમની સરાહનીય કામગીરી, પરિવારથી વિખૂટી પડેલ મહિલાને આશરો આપ્યો



ગોધરા,

સમગ્ર રાજ્યમાં મહિલા અભયમની ટીમ દ્વારા મહિલાઓની સહાય અને સુરક્ષા સહિતની કામગીરી કરવામાં આવે છે. ત્યારે ગોધરા ૧૮૧ માહિલા અભયમની ટીમ દ્વારા પંચમહાલ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૩૦૦૦થી વધુ પીડિત મહિલાઓની મદદ કરીને સરાહનીય કામગીરી કરી છે.

ગત રોજ કોઈ અજાણી વ્યક્તિ દ્વારા મહિલા અભયમ ૧૮૧ પર કોલ આવેલ કે એક વૃધ્ધ મહિલા ગોધરા શહેરના દાહોદ રોડ પર સ્થિત પાંજરાપોળ ગૌશાળા પાસે બેઠેલા છે.

ગોધરા સ્થિત ટીમ દ્વારા મહિલાનું તાત્કાલિક લોકેશન ટ્રેસ કરીને મહિલા સુધી પહોંચી હતી તથા તેમની પૂછપરછ કરતા મહિલા ગભરાઈ ગયેલી હાલતમાં કંઈપણ બોલતા નહોતા. અભયમની ટીમ દ્વારા મહિલાની સારસંભાળ લઈને સમજાવ્યા હતા. ત્યારે મહિલાએ પોતાના પરિવારથી વિખૂટા પડી ગયા હોવાનું જણાવ્યું હતું. આ ટીમ દ્વારા મહિલાને તાત્કાલિક રહેવા માટેનો આશરો આપીને સખી વન સ્ટોપ સેન્ટરમાં કેસ હેન્ડ ઓવર કર્યો હતો. તેમ ૧૮૧ મહિલા હેલ્પલાઇન કાઉન્સલરે એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## રાષ્ટ્રીય યુવા સપ્તાહની નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા કાર્યાલય દ્વારા પૂર્ણાહુતિ

ગોધરા,

ભારત સરકાર યુવા કાર્ય અને ખેલકુદ મંત્રલાય અંતર્ગત નેહરૂયુવા કેન્દ્ર ગોધરા ૧૨ જાન્યુઆરી ૧૯ જાન્યુઆરી સુધી સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી, નિબંધ, વકૃત્વ, પતંગ હરિફાઈ, સફાઈ અભિયાન, સેવા દિવસ, રમતો, રંગોલી, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે પંચમહાલ જિલ્લાના વિવિધ તાલુકાના યુવાનો, મંડળો, ભાઈ-બહેન ભાગ લીધો હતો અને વિજેતા જિલ્લા યુવા અધિકારી વિઠ્ઠલભાઈ એ પ્રમાણપત્રો, ટોફી આપી સન્માનિત કર્યા હતા. યુવા સપ્તાહ ભવ્ય ઉજવણી કરવા બદલ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

## રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ મોરવા(હ) દ્વારા કર્તવ્ય બોદ્ધ કાર્યક્રમ યોજવામાં આવ્યો



મોરવા(હ),

મોરવા હડફ તાલુકાની ચાંદપુર પ્રાથમિક શાળા ખાતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ મોરવા હડફ દ્વારા કર્તવ્ય બોધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગુજરાત પ્રાંત કક્ષાના સંઘઠન મંત્રી સરદારભાઈ મછાર ઉપસ્થિત રહ્યા. તેમજ મુખ્ય વક્તા તરીકે મહંત પ્રભુદાસ મહારાજ ઉપસ્થિત રહ્યા હતા તથા તાલુકા બીટ કેળવણી નિરીક્ષક કલ્પેશભાઈ પટેલ તેમજ તાલુકાની શાળાઓમાંથી અંદાજીત ૧૦૦ કરતા વધુ શિક્ષક બંધુઓ તેમજ ભગીનીઓ અને શાળાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બાળકો અને શિક્ષકોને સ્વામી વિવેકાનંદ તેમજ સુભાષચંદ્ર બોઝના જીવન ચરિત્ર ઉપરથી કંઈક શીખ મેળવવા બાબત અને દેશ માટે કંઈક કરી છૂટવા માટેની હાકલ કરતા સંદેશો પાઠવવામાં આવ્યા હતા. ત્યારબાદ સર્વે મિત્રો ચા-નાસ્તો કરી અને બાળકોને તિથિ ભોજન કરાવવામાં આવ્યું અને કલ્યાણ મંત્ર સાથે કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

## મોરવા(હ)ના નાગલોદ ગામના સરપંચને ચાર સંતાનોને લઈ TDO દ્વારા પદ ઉપરથી હટાવવામાં આવ્યા

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના નાગલોદ ગામના સરપંચને ચાર સંતાનો હોવાથી ગુજરાત પંચાયત અધિનિયમ અંતર્ગત તાલુકા વિકાસ અધિકારી દ્વારા પદ ઉપર દુર કરવામાં આવ્યા.

મોરવા(હ) ગ્રામ પંચાયતના સરપંચ ભીખાભાઈ નાયક હોય અ ને ભીખાભાઈ નાયક ચાર સંતાનો ધરાવતા હોવા છતાં સરપંચની ચુંટણી લડીને સરપંચ બન્યા હતા. તેમને સરપંચ પદેથી ગેરલાયક ઠેરવવા માટે થયેલ રજુઆતને પગલે તપાસ દરમિયાન સરપંચ ભીખાભાઈ નાયકને ચાર સંતાનો ધરાવતા હોય જેથી ગુજરાત પંચાયત અધિનિયમ અંતર્ગત મોરવા(હ) તાલુકા વિકાસ અધિકારી દ્વારા સરપંચને ગેરલાયક ઠેરવીને સરપંચ પદેથી દુર કરવામાં આવ્યા. મોરવા(હ)ના નાગલોદના સરપંચને ગેરલાયક ઠેરવી પદ ઉપરથી દુર કરવામાં આવ્યા.

## ઘોઘંબાના ગરમોટીયા ગામેથી ૨.૫૨૦ કિ.ગ્રા. ગાંજા સાથે ઈસમને ઝડપ્યો



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ગરમોટીયા ગામે ભાભોર ફળીયામાં રહેતો ઈસમ પોતાના ઘરમાં માદક પદાર્થ ગાંજા રાખેલ છે. તેવી બાતમીના આધારે એસ.ઓ.જી. શાખાએ રેઈડ કરી ઘર માંથી ૨.૫૨૦ કિ.ગ્રા.ગાંજા કિંમત ૨૫,૨૦૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ગરમોટીયા ગામે ભાભોર ફળીયામાં રહેતા રમેશભાઈ ઉર્ફે જસુ ઉર્ફે જસુ રાઠવા પોતાના રહેણાંક મકાનમાં માદક પદાર્થ ગાંજા રાખેલ છે તેવી બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે પંચો સાથે રાખીને આરોપીના ઘરે તપાસ કરી ઘર માંથી ૨.૫૨૦ કિ.ગ્રા. ગાંજા કિંમત ૨૫,૨૦૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે રાજગઢ પોલીસ મથકે એનડીપીએસ એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

## ગોધરા-દાહોદ રોડ વાઘજીપુરવાલા હોસ્પિટલ સામેથી સ્વીફ્ટ કારમાં લઈ જવાતો ૨.૨૭ લાખના ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમ ઝડપ્યો



ગોધરા,

ગોધરા શહેરના દાહોદ હાઈવે રોડ ઉપર વાઘજીપુરવાલાની હોસ્પિટલ સામેથી સ્વીફ્ટ કાર માંથી લઈ જવાતો ઈંગ્લીશ દારૂ કિંમત ૨,૨૭,૬૪૦/-રૂપીયા, કાર, મોબાઈલ ફોન મળી ૪,૩૭,૬૪૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને પોલીસે ઝડપ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેર દાહોદ હાઈવે રોડ ઉપર વાઘજીપુરવાલાની હોસ્પિટલ સામેથી સ્વીફ્ટ કાર નંબર વગરનીમાં આરોપી ડાલચંદ લચ્છીરામજી ડાંગી (રહે. બીજવાસ, તા.માવલી, રાજસ્થાન) કારમાં ઈંગ્લીશ દારૂ ભરીને પસાર થતો હોય પોલીસે શંકાના આધારે કારને રોકીને તપાસ કરતાં કાર માંથી ઈંગ્લીશ દારૂની નાની-મોટી બોટલો નંગ-૧૦૦૮ કિંમત ૨,૨૭,૬૪૦/-રૂપીયા, કાર ૪,૩૪,૬૪૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમ ડાલચંદ લચ્છીરામજી ડાંગીને ઝડપી પાડવામાં આવ્યો. જ્યારે અન્ય એક આરોપી સામે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધી ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.